## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### વિષય : ગુજરાતી (F. L.) (01)

**ધોરણ – 9** **પ્રશ્નબેંક – 2 દ્વિતીય સત્ર (2025-26)**

સમાવિષ્ટ પ્રકરણ : 10 થી 16,25
વ્યાકરણ : સમાનાર્થી વિરોધી,સંધિ,રવાનુકારી,રૂઢિપ્રયોગ,શબ્દસમૂહ
લેખન : અહેવાલલેખન,પત્રલેખન ,ગદ્યસમીક્ષા,પદ્યાર્થગ્રહણ

- નીચે આપેલી પ્રશ્નબેંકમાંથી સૂચના મુજબ કૂલ 25 ગુણની કસોટી તૈયાર કરી શાળાએ પોતાની રીતે લેવાની રહેશે.
- દરેક અધ્યયન નિષ્પત્તિના નક્કી કરેલા ગુણ પ્રમાણે જરૂરી પ્રશ્નો પસંદ કરવાના રહેશે.
- દરેક પ્રકરણને સમાન ન્યાય મળે તે જોવાનું રહેશે.
- શિક્ષકે મૂલ્યાંકન કાર્ય બાદ ઉપચારાત્મક કાર્ય કરવું.

### વિભાગ –A ( પ્રશ્ન -1 : 06 ગુણ)

G0919 કવિ,લેખક, કૃતિ-સ્વરૂપ.કૃતિ- સંદર્ભ,કૃતિ-પાત્ર,પાત્ર-ઉક્તિ અંગે પરિચય મેળવે અને આપે છે.

(અ) નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો. ( ગમે તે એક ) (2)

| કૃતિ | કર્તા |
|---|---|
| 1. ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ | (અ) ઈસ્માઈલભાઈ નાગોરી |
| 2. વાડી પરનાં વહાલાં | (બ) કાકાસાહેબ કાલેલકર |
| | (ક) વિનોબા ભાવે |

અથવા

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1. કુદરતી | (અ) નિબંધ |
| 2. સખી માર્કંડી | (બ) લલિત નિબંધ |
| | (ક) એકાંકી |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અથવા

| પાત્ર | કૃતિ |
|---|---|
| 1. યાસ્કાચાર્યે | (અ) સખી માર્કંડી |
| 2. કાશી | (બ) ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ |
| | (ક) કુદરતી |

અથવા

| કૃતિ | કર્તા |
|---|---|
| 1. મરજીવિયા | (અ) અમૃત ભટ્ટ |
| 2. રસ્તો કરી જવાના | (બ) ચંદ્રકાંત શેઠ |
| | (ક) પૂજાલાલ |

અથવા

| કૃતિ | સાહિત્યપ્રકાર |
|---|---|
| 1. ગોદ માતની ક્યાં ? | (અ) ગઝલ |
| 2. મરજીવિયા | (બ) ઊર્મિકાવ્ય |
| | (ક) સૉનેટ |

G0903 કોઈપણ પંક્તિ કે ગદ્ય ઉક્તિના વિચારનું અર્થઘટન અને વર્ણન કરવા માટે વૈવિધ્યસભર સાહિત્ય ચર્ચાઓ સાંભળે છે અને લખે છે.

(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ( ગમે તે બે ) (2)

1. 'કુદરતી' કૃતિમાં સહજ રીતે થતા ____________નો મહિમા વર્ણવ્યો છે.(નામ,કામ,)
2. વિજ્ઞાનની જેમ જેમ પ્રગતિ થતી જશે તેમ માણસમાં _________વૃત્તિ વધતી જશે.
   ( વૈજ્ઞાનિક, શૈક્ષણિક)
3. ભરવાડો કહે છે કે માર્કંડી _______________ના ડુંગરમાંથી આવે છે.
   (શેત્રુંજય, વૈજનાથ)
4. મહાભારત ______________પર્વમાં વિભાજિત છે. ( 12,18)
5. સૉનેટ ______________પંક્તિઓમાં લખાતું કાવ્યસ્વરૂપ છે.(12, 14,)
6. અમૃતલાલ ભટ્ટનું તખલ્લુસ ____________________છે. ( બેફામ, ઘાયલ)
7. સૂર, તાલ ને સંગીત મળશે _____________માનો ક્યાં? ( પાલવ, ટહુકો)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

8. દેવલો ______________ના મેળામાં બૈરીનાં કપડાં પહેરી, પટિયાં પાડી નાચતો હતો.

( ભવનાથ, ખારાગોઢા)

9. મરજીવિયા કાવ્ય ______________સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

(પારિજાત,વસુધા)

10. કવિ મૃત્યુ સામે ______________ને પડકાર આપે છે ? ( માનવીને, કાળને)

G0905 મૌખિક રીતે અને લેખિતમાં વિચારોના મંતવ્યો રજૂ કરે છે .

(ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે બે ) (2)

1. 'મરજીવિયા' કાવ્યમાં કયો ભાવ વ્યક્ત થયો છે ?
2. માર્કંડી લેખકને શું આપતી ?
3. કરી, મરી, તરી, ભરી, ઠરી .. પ્રાસયુક્ત શબ્દોને ગઝલની પરિભાષામાં શું કહેવાય છે?
4. 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' કૃતિનાં આધારે ભારત પાસે અદ્વિતીય શું છે ?
5. કુદરતના કારવાન – કાફલાને વાડી શું આપે છે ?
6. 'હાજર હાથ હજાર હોય' પંક્તિનો અર્થ સમજાવો.
7. ધર્મસંકટ સમયે ગીતામાતાનું શરણ કોણ લેતું હતું ?
8. સ્વર્ગના નિયમ મુજબ કયું કાર્ય પુણ્યકર્મ કહેવાય ?
9. 'રસ્તો કરી જવાના' કાવ્યના કવિ દુ:ખ માત્રની દવા શાને માને છે ?
10. લાભશંકરનું ઉપનામ જણાવો.

## વિભાગ – B ( પ્રશ્ન- 2 : 07 ગુણ)

G0921 પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે ? જેવા પ્રશ્નો પૂછી કાર્યકારણનો સંબંધ તારવી જવાબ આપે છે.

(અ) નીચે આપેલ પ્રશ્નોના બે – ત્રણ વાક્યોમાં ઉત્તર લખો. ( ગમે તે બે) (4)

1. પ્રાચીન સમયના કોઈ ઋષિ આજે આવે તો તે શું કહેશે ?
2. મરજીવિયાને પ્રિયજનોએ કઈ શિખામણ દીધી ?
3. માર્કંડેયના માતા-પિતાનાં વદન શા માટે મ્લાન થતાં હતાં ?
4. અવિરામ દીપકના દૃષ્ટાંત દ્વારા કવિ શું કહેવા માગે છે ?
5. 'વાડી પરના વહાલાં' કૃતિમાં 'ઝાઝા હાથ રળિયામણા' કહેવત કઈ રીતે સાર્થક થતી જોવા મળે છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

6. માતાની આંખોથી  કવિ શું પ્રાપ્ત કરે છે ?

7. ગોદ માતની ક્યાં ?  કાવ્યમાં કવિએ ઋતુ સાથેનું તાદાત્મ્ય કેવી રીતે વર્ણવ્યું છે?

8. બાબુને સ્વર્ગે લઈ જતાં સમયનું વર્ણન કરો.

9. બાબુનું  સ્વર્ગેમાં કરેલ આતિથ્ય સત્કારનું વર્ણન કરો.

10. ચોમાસાના નવરાશના દિવસોમાં તમે કઈ પ્રવૃત્તિઓથી આનંદ મેળવો છો ?

11. આદિ શંકરાચાર્યે કેટલા મઠોની સ્થાપના કરી હતી ? કયા કયા ?

(બ) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. ( ગમે તે એક ) (3)

1. પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિ વચ્ચેનો ભેદ દર્શાવી સંસ્કૃતિવર્ધનની વિભાવના સ્પષ્ટ કરો.

2. 'ગોદ માતની ક્યાં? કાવ્યમાં કવિને કઈ કઈ બાબતોમાં અધૂરપ અનુભવાય છે ? શા માટે?

3. તમારા જીવનમાં બનેલા કે તમે સાંભળેલા કોઈ સાહસિક પ્રસંગનું વર્ણન કરો.

4. 'રસ્તો કરી જવાના' કાવ્યમાં વ્યક્ત કવિની ખુમારી વર્ણવો.

5. વાડીના જલસાને તમારા શબ્દોમાં વર્ણવો.

6. ' નાનું  સરખું સત્કાર્ય ઉત્તમ ફળની પ્રાપ્તિ કરાવી શકે છે ' – આ વિધાનને કુદરતી પાઠને આધારે સ્પષ્ટ કરો.

7. માનવ- માનવ  વચ્ચે ભેદ મિટાવવા માટે ગીતાનો કયો શ્લોક આપણને માર્ગદર્શન આપે છે? સમજાવો

## વિભાગ –C ( પ્રશ્ન -3 : 05 ગુણ)

G0904 શબ્દકોશનો ઉપયોગ કરી માન્ય જોડણી તથા સમાનાર્થી-વિરોધી શબ્દો શીખે છે.

(અ) નીચેના શબ્દોની સમાનાર્થી શબ્દો શોધીને લખો. (ગમે તે એક ) (1)

1. શાશ્વત  ( શાંત, સમય, નિત્ય )
2. સિંધુ   ( નદી, સમુદ્ર, સરોવર)
3. સાંતી   ( શાંતિ, કુહાડી, હળ )
4, સબૂર   ( સહાય, ધીરજ, સાબિતી)
5. માંજર   ( શિયાળ, બિલાડો, કાચીંડા)

અથવા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ આપો . ( ગમે તે એક )

1. નાશવંત X
2. મીઠાશ X
3. હેત X
4. અંકુશ X
5. ભય X

G0910 સંજ્ઞા,લિંગ, સંધિ,વચન, સર્વનામ,વિભક્તિ,કાળ કે ધાતુ પ્રત્યયોને ઓળખે છે અને લેખનકાર્યમાં યોગ્ય રીતે ઉપયોગ કરે છે.

(અ) સંધિ છોડો – જોડો.

➢ નીચે આપેલા શબ્દોની સંધિ છોડો . ( ગમે તે એક પૂછવું) (1)

પવન

હિમાલય

સૂક્તિ

ગંગોદક

સ્વાગત

અથવા

➢ નીચે આપેલા શબ્દોની સંધિ જોડો. (ગમે તે એક પૂછવું)

રમા + ઇશ

સિંધુ + ઊર્મિ

સુ + અચ્છ

વિદ્યા + આલય

પરિ + ઇક્ષા

અથવા

➢ 'પ્રત્યક્ષ' – સાચો સંધિવિગ્રહ શોધો.

(અ) પ્રતિ +યક્ષ (બ) પ્રતિ +અક્ષ (ક) પ્રતી+અક્ષ (ડ) પ્રત્ +યક્ષ

અથવા

➢ નીચેનામાંથી કયો સંધિવિગ્રહ અયોગ્ય છે ?

(અ) ને + અન (બ) સત્ય +આગ્રહ (ક) જ્યોતિ+ઇન્દ્ર (ડ) નવ+ઓઢા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અથવા

- નીચેનામાંથી સાચી સંધિ દર્શાવો.

(અ) પર + અપકાર = પરોપકાર (બ) રવિ + ઇન્દ્ર = રવિન્દ્ર

(ક) ઇતિ + યાદી = ઈત્યાદી (ડ) સ + અષ્ટ + અંગ = સાષ્ટાંગ

(બ) નીચે આપેલ વાક્યમાંથી રવાનુકારી શબ્દ શોધો.(કોઈપણ એક વિધાન પૂછવું ) (1)

1. લગ્નમાં ઢોલ ઢમઢમ વાગતો હતો.
2. વડ પરથી ટપટપ ટેટા પડવા માંડયા.
3. મારી ચપટી વાગે છે પટ્ પટ્ પટ્
4. અષાઢનાં ઘનગર્જન ઝીલ્યાં રણઝણતાં ઉરતંતે.
5. જોયું તો બોલનાર મરકમરક હસી રહ્યો હતો.

અથવા

- નીચેનામાંથી કયો શબ્દ રવાનુકારી શબ્દ છે ?

(અ) રાતોરાત (બ) ચૂપચાપ (ક) ખાધુંપીધું (ડ) સટસટ

અથવા

- નીચેનામાંથી કયું વાક્ય રવાનુકારી શબ્દ ધરાવતું વાક્ય નથી ?

(અ) મહેમાનો આવ્યા છે પાણીબાણી લાવો.

(બ) ચિતા ભડભડ બળતી હતી.

(ક) દિવાળીના દિવસોમાં ઝળહળ ઝળહળ દીવા થાય.

(ડ) રાત્રે પાણીનો ટપટપ અવાજ આવતો હતો.

અથવા

- નીચેનામાંથી રવાનુકારી શબ્દ ધરાવતું વાક્ય શોધીને લખો.

(અ) વરસાદથી ઠેરઠેર પાણી ભરાઈ ગયું.

(બ) લાડુબાડુ મળશે કે નહીં ?

(ક) એમનું ઘર બાળ પૌત્ર –પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું.

(ડ) ઘરમાં કંઈ કામકાજ હોય તો કહેજો.

G0914 જે તે કથનના અર્થઘટન અને અર્થપૂર્ણતા માટે વિવિધ શબ્દો, શબ્દસમૂહો, રૂઢિપ્રયોગો અને શબ્દાવલિઓ સાંભળે છે, બોલે છે અને જરૂર જણાય ત્યાં લખે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

➢ નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો ( ગમે તે એક પૂછવું ) (1)

1. આયુધારા વહેવી
2. મહેનત લૂંટવી
3. ડિંગ થઈ જવું
4. ગળે ડૂમો બાઝી જવો
5. કમર કસવી
6. છળી મરવું

➢ નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. ( ગમે તે એક પૂછવું ) (1)

1. મુશ્કેલીથી તૂટે, ફાટે કે ચવાય તેવું
2. ખૂટે નહીં તેવું
3. કુળનો ઉદ્ધાર કરનાર
4. મૃત્યુને જીતનાર
5. રસ્તામાં પાણી પીવા માટેની જગ્યા
6. બે ઘરની પાછળના ભાગે છોડેલી જગ્યા

## વિભાગ – D (પ્રશ્ન – 4 : 07 ગુણ )

G0920 પત્ર, વિચારવિસ્તાર, નિબંધ, અહેવાલ સમજે છે અને લખે છે.

➢ પત્રલેખન : (ગમે તે એક) (4)

1. 'તમારો જાહેરમાં વર્તાવ' આ વિષય પર તમે આપેલું વક્તવ્યની તમારા મિત્રને પત્ર લખી માહિતી આપો.
2. વર્તમાનપત્ર વાંચવાથી થતા લાભ સમજાવવા માટે તમારા મિત્રને પત્ર લખો.
3. તમારી શાળા દ્વારા યોજવામાં આવેલા મહારાષ્ટ્રના પ્રવાસમાં જોડાવા માટે મંજૂરી માગતો પત્ર તમારા પિતાજીને લખો.
4. વધુ પડતો મોબાઈલનો ઉપયોગ કરવાથી અભ્યાસ અને તંદુરસ્તી પર અસર થાય છે, એ બાબત સમજાવવા માટે તમારા મિત્રને પત્ર લખો.
5. તમારી નાની બહેનને લોકગીત હરીફાઈમાં પ્રથમ ઈનામ મળ્યું છે, તેને અભિનંદન પાઠવતો પત્ર લખો.

અથવા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

➢ અહેવાલ લેખન : ( ગમે તે એક )

1. તમારી શાળામાં યોજાયેલ યોગદિનની ઉજવણીનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.
2. તમારી શાળામાં 'એક પેડ મા કે નામ' થીમ અંતર્ગત વૃક્ષારોપણદિનની ઉજવણી કરવામાં આવી તેનો આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો.
3. તમારી શાળામાં યોજાયેલ શિક્ષકદિનની ઉજવણીનો અહેવાલ તૈયાર કરો.
4. ગાંધીજયંતી નિમિત્તે તમારા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો અહેવાલ તૈયાર કરો.
5. તમારી શાળામાંથી નિવૃત્ત થતા શિક્ષક વિદાય સન્માન સમારંભનો અહેવાલ લખો.

**G-0909** ગદ્ય- પદ્યનું હાર્દ સમજીને તેમાં રહેલા ભાવને મૌખિક –લેખિત રજૂ કરે છે.

(અ) નીચે આપેલ ગદ્યખંડ વાંચી, નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. ( ગમે તે એક) (03)

**1.** અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે,પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી.અભ્યાસ વિના સંસ્કાર દૃઢ થતા નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે :ભયથી,લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે એમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી. સરકસના મેનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે.શાળામાં શિક્ષકો પણ એ જ રીત અજમાવે છે.ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પાડેલી ટેવોમાંથી જ્યારે વિશ્વાસ ઊઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

- કિશોરલાલ મશરૂવાળા

પ્રશ્નો

1. આપણે અભ્યાસનું મહત્ત્વ શા માટે સ્વીકારીએ છીએ?
2. દરેક ક્રિયા કઈ ત્રણ રીતે કરી શકાય છે?
3. કઈ રીતોમાં અભ્યાસ કરનારની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી?

**2.** એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે, તેમ વધુ ને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે. જ્ઞાનપ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. બૂટ પૉલિશવાળો પણ જેટલો એકાગ્ર થશે, તેટલો તે જોડાંને વધારે ચમકવાળાં બનાવશે, એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એકાગ્રતાની શક્તિ જેટલી વધારે, તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે? આપણે એનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથીઆ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

-સ્વામી વિવેકાનંદ

પ્રશ્નો:

1. જ્ઞાનપ્રાપ્તિનો એકમાત્ર ઉપાય કયો છે?
2. જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ક્યારે ખુલ્લાં કરશે ?
3. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

3. વૃક્ષો અન્યના સુખ માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્ગુણો તજતા નથી. જે બીજા માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા-કૂતરાનું જીવન છે. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો :

1. પરોપકારી મનુષ્યો શી વિશેષતાઓ ધરાવે છે ?
2. નાશવંત કાયાની ઉપયોગિતા ક્યારે નકામી છે ?
3. ગદ્યખંડના આધારે જીવનમાં તમે કયો સંકલ્પ લેશો ?

4. "નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની તો બીક જ નહિ. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે, નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતળ હવા નદીને કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય છે. નદી મોટી હોય અને તેનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જહોજલાલીએ નદીને જ આભારી હોય છે. સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આપણને કેટલો આનંદ થાય છે. શહેરનું મેલું વાતાવરણ ક્યાં ! અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વરનું સ્મરણ કરાવતી દેવતા છે. જો ગુરુને વંદન ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે છે. "

-કાકાસાહેબ કાલેલકર

પ્રશ્નો :

1. નદીને શાની ઉપમા આપી શકાય છે ?
2. નદીને વંદન કરવા યોગ્ય શાથી ગણી શકાય ?
3. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

5. અભય એટલે બાહ્યભય માત્રથી મુક્તિ, મોતનો ભય, ધનમાલ લૂંટાવાનો ભય, કુટુંબ પરિવાર વિશેનો ભય, રોગનો ભય, શસ્ત્રપ્રહારનો ભય, આબરૂનો ભય, કોઈને ખોટું લગાડવાનો ભય, એમ ભયની વંશાવળી જેટલી લંબાવીએ એટલી લંબાવી શકાય. એક માત્ર મોતનો ભય જીત્યો એટલે બધા ભયો જીત્યા એમ સામાન્ય રીતે કહેવાય છે. પણ એ બરોબર નથી લાગતું.ઘણા મોતનો ભય છોડે છે, છતાં નાના પ્રકારનાં દુઃખોથી નાસે છે. કોઈ પોતે મરવા તૈયાર હોય છે, પણ સગાવહાલાંનો વિયોગ સહન નથી કરતા. કોઈ કૃપણ આ બધું જતું કરશે, દેહ જતો કરશે, પણ એકઠું કરેલું ધન છોડતાં હેબતાઈ જશે. કોઈ પોતે માનેલી આબરૂ, પ્રતિષ્ઠા સાચવવા એનક કાળાંધોળાં કરવા તૈયાર થશે અને કરશે.

1. અભય એટલે શું ?
2. કંજૂસ  કે લોભી માટે પરિચ્છેદમાં કયો શબ્દ પ્રયોજયો છે ?
3. કોણ કાળા- ધોળા કરવા તૈયાર થાય છે ?

અથવા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (ગમે તે એક)

1. આપ કરી લે ઓળખાણ

એ સાચા શબ્દના પરમાણ
સાકર કહે નહિ, હું છું મીઠી,
વીજ ન પૂછે, મુજને દીઠી ?
મોત બતાવે ન યમની ચિઠ્ઠી,
પેખ્યામાં જ પિછાણ
એ સાચા શબદના પરમાણ.
કોયલ ટહુકે આંબાડાળે
અંગ ન તોડે, કંઠ ન વાળે,
ગંગા વહતી સમથળ ઢાળે,
ખેંચ નહિ, નહિ તાણ
એ સાચા શબદના પરમાણ.
ફૂલ ખીલે નિત નવ જેમ ક્યારે
શ્વાસ લિયે ને સૌરણ સારે,
અંતરથી એમ ઊઠે ત્યારે
વહે સ્વયંભૂ વાણ
એ સાચા શબદના પરમાણ

મનુભાઈ ત્રિવેદી 'સરોદ'

પ્રશ્નો :

1. સાચા શબ્દનું પ્રમાણ કોને કહેશો ?
2. કવિ સાકર, વીજળી અને મોતનાં દૃષ્ટાંત દ્વારા શું કહેવા માંગે છે ?
3. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. માતા અમારી પૃથ્વી, અમે છીએ
સંતાન એનાં,ત્રણ ભાઈ-ભાંડુ.
આ સૌથી નાનું તરુ, માતથી એ
ક્ષણેય છૂટું પડતું ન , જાણે
વધેરી નહિ નાળ એની !
ને, અન્ય તે આ પશુડું, હજી એ
ચાલે ચતુષ્પાદ, ન ચાલતાં શીખ્યું
ટટ્ટાર બે પાયથી, (મારી જેમ);
ભાખોડિયા ભેર ફરે ધરા બધી.
ને સૌથી મોટો હું, મનુષ્ય નામે :
ઊડી રહું આભ તણા ઉંડાણે.
હું આભનો તાગ ચહું જ લેવા.
ખૂંદી રહીએ બસ નિત્ય ખોળલો
માતા તણો, મૂર્તિ ક્ષમા તણી જ;
મૂંગી મૂંગી પ્રેમ ભરી નિહાળતી
લીલા અમારી ત્રણ ભાઈ-ભાંડુની

પ્રશ્નો :

1. કવિએ કોને ક્ષમાની મૂર્તિ કહી છે ?
2. વૃક્ષને શા માટે સૌથી નાનું કહ્યું છે ?
3. કવિએ મનુષ્યને સૌથી મોટો ભાંડુ શાથી કહ્યો છે ?

3.હું તો નાનો દીપ, શુ મૂલ્ય મારું ?
લાગે આવું જીવન તુચ્છ અકારૂં!
મારું તો આ નિમ્ન સ્થાન છે ભોમ,
શોભે કેવા વ્યોમમાં ત્યાં સૂર્ય-સોમ !
કીધો જો હોત દેવે મને તારો,
તોય માન્યો હોત મેં જન્મ મારો !
આકાંક્ષાનો અર્થ પામી, કૃતાર્થ,
માટીનું હું કોડિયું માત્ર વ્યર્થ !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રે, શું શાને તું અલ્પતા ભાવ સેવે ?
ને એવાં હીન વાક્ય તું બોલે ?
ના કીધો છે લેશ અન્યાય દેવે,
દીવો તોય તું છે શશી-સૂર્ય તોલે !
પોતાનું જે શોભવે પ્રસન્ન સ્થાન,
એ સર્વ છે અલ્પ છતાંય મહાન !

પ્રશ્નો :

1. કોડિયાને શાનું દુ:ખ છે ?
2. સૂર્ય અને ચંદ્રને જોઈને કોડિયું શું વિચારે છે ?
3. કવિના મત મુજબ મહાન કોણ છે ?

4. મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે:

ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે!
ટળવળે તરસ્યા ત્યહાં જે વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મુસળધાર વરસી જાય છે!
ઘર-હીણાં ધૂમે હજારો ઠોકરતાં ઠેર ઠેર;
ને ગગનચુંબી મહેલો જનસૂનાં રહી જાય છે!
દેવડીએ દંડ પામે ચોર મુઠ્ઠી જારના;
લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે!
કામધેનુને મળે ના એક સૂકું તણખલું
ને લીલાંછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે!
છે ગરીબોના કૂબામાં તેલ ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે!

પ્રશ્નો :

1. પ્રથમ પંક્તિમાં સમાજની વિષમતા કેવી રીતે બતાવી છે ?
2. વરસાદના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?
3. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5. એક જ દે ચિનગારી,

મહાનલ એક જ દે ચિનગારી,
ચકમક લોઢું ઘસતાં-ઘસતાં,
ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડ્યો,
ના ફળી મહેનત મારી !
મહાનલ, એક જ દે ચિનગારી.
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,
સળગી આભ-અટારી
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની ભારી,
મહાનલ, એક જ દે ચિનગારી.
ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ, હું અધિક ન માગું,
માગું એક જ ચિનગારી,
મહાનલ, એક જ દે ચિનગારી.

પ્રશ્નો :

1. કવિ ઈશ્વર પાસે શું માંગે છે ?
2. કવિની ધીરજ ક્યારે ખૂટી ગઈ ?
3. કવિએ આખી જિંદગી કેવી રીતે ખર્ચી નાખી ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in